# અસાયલમ માગનારાઓને ચેતવણી!

**અમેરિકા વિઝા ગાઈડ**

★ ડૉ. સુધીર શાહ (એડવોકેટ-મુંબઈ)

ઈમિગ્રેશન એન્ડ નેશનાલિટી એક્ટ, ૧૯૫૨' જે કાયદો અમેરિકાના ઈમિગ્રેશનનું નિયમન કરે છે અને કઈ વ્યક્તિને કયા કારણસર અમેરિકામાં પ્રવેશવા દેવી ટૂંક સમય માટે યા કાયમ રહેવા માટે તેમ જ એવી વ્યક્તિઓની શું શું લાયકાતો હોવી જોઈએ? કેટલી સંખ્યામાં એમને અમેરિકામાં પ્રવેશવા દેવા જોઈએ? જો કોઈએ ખોટું કર્યું હોય તો એમની સામે શું પગલાં લેવા જોઈએ? ખોટી કરનારાઓ જો માફી માગે તો એમને કયા સંજોગોમાં માફી આપવી જોઈએ? તેમ જ અણધાર્યા, અકલ્પેલા, સંજોગો ઊભા થાય તો એમાંથી પરદેશીઓ પોતાની જાતને કેવી રીતે ઉગારી શકે? આ સર્વે માહિતી આ કાયદામાં જણાવવામાં આવી છે.

વર્ષ ૧૯૫૨માં ઘડવામાં આવેલ આ કાયદામાં અનેક નવા નવા કાયદાઓ ઉમેરાયા છે. જૂનામાં ફેરફારો કરવામાં આવ્યા છે. વિઝા આપવાની સંખ્યામાં વધારો - ઘટાડો કરવામાં આવ્યો છે. એ સર્વે સહિત આ કાયદો જેને ટૂંકામાં 'આઈએનએ' કહેવામાં આવે છે એ આજે પણ અમેરિકાના ઈમિગ્રેશનનું નિયંત્રણ કરે છે.

આ કાયદાની કલમ ૨૩૫(બ) (૧) (એ) હેઠળ અમેરિકામાં પ્રવેશવા ઈચ્છતા પરદેશીઓને એમ કરતાં અટકાવીને તાબડતોબ દૂર કરી દેવાની સત્તા આપે છે. 'એક્સપીડાઈટેડ રીમુવલ એટલે કે ઝડપથી દેશ નિકાલને લગતી આ કલમ ઈમિગ્રેશન અને નેશનાલિટી સર્વિસને સત્તા આપે છે કે તેઓ અમેરિકાની પોર્ટ ઓફ એન્ટ્રી એટલે કે સરહદ ઉપર જે પરદેશીઓ આવે એમને અમેરિકામાં પ્રવેશ ન આપતા તુરંત જ પાછા મોકલી દેવાની સત્તા આપે છે. અમુક કેસોમાં જે કોઈ પરદેશી વ્યક્તિ અમેરિકાની અંદર રહેતી હોય એને પણ કોઈ પણ જાતની સુનાવણી વગર કે એની અરજી ઉપર ફરીથી ફેર-વિચારણા કર્યા સિવાય અમેરિકાની બહાર ઝડપથી મોકલી દેવાની આ કાયદા હેઠળ ઈમિગ્રેશન ઓફિસરોને સત્તા આપવામાં આવી છે.

આવી અત્યંત મહત્ત્વની અને સખ્ત ગણી શકાય એવી સત્તા આ કાયદો એની હેઠળ નિમાયેલા ઓફિસરોને બક્ષે છે. સાથે સાથે જો કોઈ પરદેશી એવું જાહેર કરે કે એના ઉપર જુલમ થાય છે, ત્રાસ થાય છે, એની સતામણી થાય છે અથવા તો એ અમેરિકામાં અસાયલમ માંગે છે તો ઈમિગ્રેશન ઓફિસરો એ પરદેશીને અમેરિકા બહાર મોકલી ન દેતા એને અમેરિકામાં ડિટેન કરે છે, રોકી રાખે છે અને પછી અસાયલમ ઓફિસર પાસે એનો જે ભય છે એ ખાતરીલાયક છે, ખરેખર છે કે નહીં, એની ચકાસણી કરવા માટે એ પરદેશીને મોકલે છે. આને 'ક્રેડિબલ ફિયર ઈન્ટરવ્યૂ' કહેવામાં આવે છે.




જો કોઈ પરદેશી, જે અમેરિકામાં પ્રવેશતા બોર્ડર ઉપર કે પછી અમેરિકાની અંદર ઈલીગલી રહેતા પકડાય અને એવું જણાવે કે એને જો અમેરિકા બહાર એના દેશમાં પાછો મોકલી આપવામાં આવશે તો ત્યાં એના ઉપર જુલમ ગુજારવામાં આવશે, ત્રાસ આપવામાં આવશે, સતામણી થશે, એના દેશવાસીઓ યા દેશચાલકો એને પજવશે, તંગ કરશે, આથી એને એના દેશમાં પાછા જતા ભય લાગે છે અથવા તો એ અમેરિકામાં અસાયલમની માગણી કરે અને અસાયલમ ઓફિસરને ક્રેડિબલ ફિયર ઈન્ટરવ્યૂ દરમિયાન એ પરદેશીની વાતોમાં તથ્ય જણાય તો પછી એ પરદેશીને ઉપલા કાયદાની કલમ ૨૪૦ હેઠળ રીમુવેબલ પ્રોસીડીંગ હેઠળ મૂકવામાં આવે છે. જ્યાં એણે જે ભય દર્શાવ્યો હોય છે, જે અસાલયમની માગણી કરી હોય છે, એના ઉપર ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે છે.

અમેરિકામાં કાયદેસર પ્રવેશવા માટે જેમ જેમ વધુ ને વધુ લાયકાતોની જરૂરિયાત ઊભી થતી ગઈ છે અને ચાર જુદી જુદી ફેમિલી પ્રેફરન્સ કેટેગરીઓ તેમ જ ચાર જુદી જુદી એમ્પ્લોયમેન્ટ બેઝ્ડ પ્રેફરન્સ કેટેગરીઓ હેઠળ ઈમિગ્રન્ટ વિઝા મેળવવાનો સમય લંબાતો જાય છે તેમ તેમ પરદેશીઓ, જેઓ અમેરિકામાં જુદા જુદા કારણોસર કાયમ રહેવાની ઈચ્છા ધરાવતા હોય છે, તેઓ આ કલમ ૨૩૫ હેઠળ એમને એમના દેશમાં જતા ભય લાગે છે એવું દર્શાવીને અમેરિકામાં અસાયલમની માગણી કરે છે.

આમાંના મોટાભાગના અસાયલમ માગનારાઓ બનાવટી પ્રસંગો ઊભા કરીને, અસાયલમ માગી શકાય એવી એમના દેશમાંથી અમેરિકા આવે એ પહેલા તૈયારી કરીને આવે છે.

ભારત એક સેક્યુલર દેશ છે. મૂળ તો ભારત હિન્દુઓનો દેશ છે પણ મુસલમાનોએ આક્રમણ કરીને ભારતમાં પગપેસારો કર્યો. ક્રિશ્ચન પાદરીઓએ ભારતમાં આવીને ખ્રિસ્તી ધર્મનો ફેલાવો કર્યો.

જ્યુ લોકો પણ અહીં આવીને વસ્યા અને પારસીઓએ પણ એમનો દેશ છોડીને, ભાગીને ભારતમાં આવીને આશરો લીધો. ભારતમાં આજે બધી જ કોમના, બધા જ ધર્મના, લોકો વસવાટ કરે છે. એમને ભારતની સરકાર ધર્મ યા જાતિના કારણે ભેદભાવ કરતી નથી. ભારતમાં સુખ અને શાંતિ છે, અહીંનું ભણતર સારું છે. નોકરીની તકો ઉપલબ્ધ છે.

વ્યાપાર ધંધાની ઉત્તમ તકો છે. વિશ્વના લગભગ બધા જ દેશોમાંથી મોટી મોટી ઈન્ડસ્ટ્રીઓએ ભારતમાં એમની ઈન્ડસ્ટ્રીઓ ખોલી છે. આમ છતાં અમેરિકામાં કાયમ રહેવા ઈચ્છનારાઓ ભારતને બદનામ કરીને, ખરાં-ખોટાં કારણો આપીને, અસાયલમની માગણી કરે છે.

૨૦મી જાન્યુઆરી, ૨૦૨૫થી અમેરિકાના બીજી વાર બની રહેલા પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ, પ્રેસિડન્ટ પદ સંભાળશે. તેઓ ઈમિગ્રન્ટોની વિરુદ્ધ છે. જે કોઈ પણ આવાં ખોટાં કારણો આપીને અમેરિકામાં રહેવાની લાલચે અસાયલમની માગણી કરશે એમની સામે ટ્રમ્પ સખત પગલાં લેશે. અસાયલમની ખોટી રીતે માગણી કરનારાઓએ હવે ચેતી જવું જોઈએ.

**જો કોઈ પરદેશી, જે અમેરિકામાં પ્રવેશતા બોર્ડર ઉપર કે પછી અમેરિકાની અંદર ઈલીગલી રહેતા પકડાય અને એવું જણાવે કે એને જો અમેરિકા બહાર એના દેશમાં પાછો મોકલી આપવામાં આવશે તો ત્યાં એના ઉપર જુલમ ગુજારવામાં આવશે, ત્રાસ આપવામાં આવશે, સતામણી થશે, એના દેશવાસીઓ યા દેશચાલકો એને પજવશે, તંગ કરશે, આથી એને એના દેશમાં પાછા જતા ભય લાગે છે અથવા તો એ અમેરિકામાં અસાયલમની માગણી કરે અને અસાયલમ ઓફિસરને ક્રેડિબલ ફિયર ઈન્ટરવ્યૂ દરમિયાન એ પરદેશીની વાતોમાં તથ્ય જણાય તો પછી એ પરદેશીને ઉપલા કાયદાની કલમ 240 હેઠળ રીમુવેબલ પ્રોસિડીંગ હેઠળ મૂકવામાં આવે છે**

## કેફિયત

★ હનીફ મહેરી

**હમ ક્યા કરેં અગર ન તેરી આરઝૂ કરેં**
**દુનિયા મેં ઔર ભી કોઈ તેરે સિવા હૈ ક્યા?**
**- હસરત મોહાની**



અમે શું કરીએ જો તારી અપેક્ષા ન કરીએ, જગતમાં બીજું પણ તારા સિવાય છે કોઈ ? તમે જેને પ્રેમ કરો છો તે તમારા સ્મરણમાં સતત રહે છે. તેના સિવાય બીજું કશું આશિકને સૂઝતું નથી. તમે જેને ચાહો છો તેની અપેક્ષા કરો છો. તેના મિલનની પ્રતીક્ષા કરો છો. જ્યારે એ નહીં મળે ત્યારે ઉદાસ રહો છો. આ બધી સ્થિતિ પ્રેમમાં જોવા મળે છે. તમે જેને પ્રેમ કરો છો તેની જ અપેક્ષા કરો છો. દુનિયામાં તેના જેવું બીજું કોઈ તમને દેખાતું નથી. દરેક આશિક માટે એક પ્રિયજન તેના હૃદય ઉપર રાજ કરે છે. ત્યાં કોઈ બીજાના આદેશની દરકાર થતી નથી. આશિક માટે ફક્ત પ્રિયજનની લાગણીઓ જ સર્વોપરી હોય છે. જ્યાં દિલની વાત આવે ત્યાં ગણતરીઓની બાદબાકી થતી હોય છે. અહીં બધા નિર્ણયો હૃદયથી લેવાતા હોય છે. જ્યાં કોઈ પણ ચાલાકી ચાલતી નથી. અહીં દિલથી દિલની વાત થતી હોય છે. જ્યાં નુકશાન પણ ફાયદાથી વધુ કારગત નીવડે છે. આમ દુનિયામાં એક જ વ્યક્તિ તમારી નજર સામે હોય ત્યારે તેના સિવાય બીજું કશું તમને સૂઝે નહીં. તેના સિવાય દુનિયામાં બીજું કોઈ હોઈ પણ નહીં શકે. આ વાતમાં લાચારી નથી. પરંતુ પ્રિયજન પ્રત્યેની વફાદારી દેખાય છે. જો પ્રિયજનની અપેક્ષા નહીં કરીએ તો બીજું શું કરીએ ? દુનિયામાં તેના સિવાય બીજું છે કોઈ ? આ સવાલ પ્રેમની ગવાહી આપે છે. પ્રેમમાં મિલન-વિરહ કે પ્રતીક્ષા-અપેક્ષા જેવા દરેક ભાવમાં લાગણી જોવા મળે. અહીં કોઈ પ્રકારની ગણતરીથી પ્રિયજનને યાદ કરાતી નથી. ફક્ત લાગણીથી પ્રિયજનનું સ્મરણ કરવામાં આવે છે. અહીં દરેક બાદબાકીમાં પણ સ્નેહનો ફાયદો થતો રહે છે. જે પ્રિયજનને તમે ચાહો છો તેની જ તમે અપેક્ષા કરો છો. તેના સિવાય બીજા કોઈ સાથે તમારે નિસબત નથી. દરેક વ્યક્તિ જેને ચાહે છે તેની પાસે આવી અપેક્ષા રાખે છે. જો કે દરેક વ્યક્તિને તેની અપેક્ષા પ્રમાણેનો પ્રેમ મળતો નથી. જેને આવો પ્રેમ મળે છે તે ભાગ્યશાળી છે. તેની કદર કરવી જોઈએ. પ્રેમમાં કશુંક પ્રાપ્ત કરવા કરતાં ત્યાગ કરવાની ભાવના વધુ બહેતર છે.